Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal - Shreemati Saraswatiben Ramanlal Shah Sanskrutik Bhavan, Nr. Godawari Dehrasar, Vasna, Ahmedabad-380007.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૯૮) સંચાલિત

જે રાત પછી દિવસ આવે છે
અને
ઠંડી પછી ગરમી આવે છે,
એ જ ભગવાન
દુઃખ પછી આપણને
ખુશીઓની બહાર પણ
આપે છે !!

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Year - 22 ● Issue No. - 255 ● 1st December 2024 Price Rs. 2/- ● Pages-16

જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : પ્રમોદભાઈ એન. ગાંધી 93270 07054
સહ સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444

ભરતલાલભાઈ એન. ગાંધી.........(સમોડા) 98257 22324
મીહીરભાઈ એચ. શાહ.........(બોકરવાડા) 98982 58515
ભાવેશભાઈ એમ. શાહ.............(ભાલક) 94277 02080

**મેનેજીંગ ટ્રસ્ટી**

બકુભાઈ સી. ગાંધી (સમોડા) 98250 96444

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર.............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................ (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ...................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................. (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ.................. (મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ................ (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ.................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................. (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. .................... (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી...............(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ........................ (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ..........................(મગુના)
શ્રીમતી પન્નાબેન અજિતકુમાર ગાંધી............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................ (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબોગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ...............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................. (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ..................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ....................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ........................ (મોટપ)
સ્વ. ઇન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ..............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઇશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ. મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

વ્હાલા જ્ઞાતિબંધુઓ,

અમદાવાદ જ્ઞાતિ મંડળનો વહીવટ ૬૩ વર્ષોથી ભૂતકાળમાં આપણી જ્ઞાતિના સુજ્ઞ, કર્તવ્યનિષ્ઠ, સેવાભાવી મહાનુભાવો અને જ્ઞાતિજનોએ સંભાળીને જ્ઞાતિ મંડળને પ્રગતિ કરાવી છે, વિવિધ સેવાકિય પ્રવૃત્તિઓ વિકસાવી છે. વ્યક્તિ કરતાં સંસ્થા મહાન છે. સંસ્થાના હેતુઓ મહત્વના છે. હાલમાં આ વહીવટ કરવાની અમોને તક મળી છે તે અમારું સદ્ભાગ્ય છે. સુયોગ્ય વહીવટ કરવાના અમારા પુરુષાર્થમાં અમને જ્ઞાતિ મંડળના તમામ સભ્યોના, દાતાઓના અને સમગ્ર સુડતાલીસ દશા શ્રીમાળી જ્ઞાતિબંધુઓનો સાથ-સહકાર અને હુંફ મળયા છે, તે માટે અમે સૌના આભારી છીએ. હવે નવી પેઢીના સભ્યો આ વહીવટ સંભાળશે માટે નવી પેઢીના યુવાવર્ગે સમાજ ઉત્થાનના કાર્યોમાં સક્રિય થવું જરૂરી છે. હાલમાં મંડળ દ્વારા શૈક્ષણિક સાધર્મિક સહાય, મેડિકલ સહાય, શુભયોગ, સમ્યગ્ જ્ઞાન પ્રસારનિધિ, મહિલા મંડળ યોજીત કાર્યક્રમો, યુથ ફોરમ વગેરે પ્રવૃત્તિઓ સુપેરે કાર્યરત છે. હજી આવી રચનાત્મક પ્રવૃત્તિઓ કરવાની છે. વધુ નક્કર વિકાસ માટે પરસ્પરનો સદ્ભાવ, સહકાર અને એકતા જરૂરી છે જેથી સમાજને આપણે વધુ ઉપયોગી થઈ શકીએ.

ડિસેમ્બર-૨૦૨૪માં વર્તમાન ટ્રસ્ટી મંડળ અને મહિલા મંડળની કારોબારી સમિતિની મુદત પૂરી થતી હોઈ પુનઃ ત્રણ વર્ષ માટે ચૂંટણી/વરણી કરવા બાબતે (વર્ષ ૨૦૨૪-૨૫ થી ૨૦૨૬-૨૭ સુધી) અમદાવાદ જ્ઞાતિના સભ્યોમાંથી ઉમેદવારી પત્રો મંગાવેલા. મંડળ દ્વારા ચૂંટણી અધિકારી તરીકે શ્રી કીર્તિભાઈ એન. શાહ (ઉનાવા-અમદાવાદ) તથા શ્રી નયનભાઈ રસીકલાલ શાહ (તરભ-અમદાવાદ)ની નિમણૂંક કરવામાં આવેલી.

તે બાબતે બંને ચૂંટણી અધિકારીશ્રીના સૂચન મુજબ, જેમણે ઉમેદવારી નોંધાવેલી તે સર્વેની એક મિટીંગ રાખવામાં આવેલી. તેમાં ચર્ચા-વિચારણા અને સમજાવટથી ચૂંટણીને બદલે વરણી (પસંદગી) કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું. તેમજ ૩૨ વર્ષ પૂર્ણ કરી ૩૩માં વર્ષમાં પ્રવેશ કરેલા અમદાવાદ જ્ઞાતિ મહિલા મંડળની નવી કારોબારી સમિતિ માટે ૧૬ ઉમેદવારી પત્રો આવેલા તેમાંથી ૧ ઉમેદવારી પત્ર પાછું ખેંચતા ૧૫ સભ્યોની કારોબારી સમિતિની રચના કરવામાં આવી. આ રીતે આગામી ત્રણ વર્ષ માટેના સભ્યો, મહિલા મંડળના સભ્યો અને હોદ્દેદારોની વિગત ફોટા સાથે અલગ છાપવામાં આવેલ છે.

શ્રી સુરેશભાઈ રસિકલાલ ગાંધી (રણુંજ) અમદાવાદ તરફથી રૂા.૫,૨૫,૦૦૦/- શૈક્ષણિક કાયમી ક્ષેત્રે અને રૂા.૫,૨૫,૦૦૦/- સાધર્મિક સહાય કાયમી ક્ષેત્રે દાન તરીકે આવેલ છે. તેની જ્ઞાતિ મંડળ ખુબ ખુબ અનુમોદના કરે છે. આ અંગેની સવિસ્તાર માહિતી આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે.

શ્રીમતી વર્ષાબેન દિલીપભાઈ શાહ (ભાલક) અને શ્રીમતી મંજુબેન ચંદુલાલ શાહ (વડાવલી) ના દાનથી શરૂ કરવામાં આવેલ સાધર્મિક સહાય યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫ના બીજા રાઉન્ડમાં સહાયનો લાભ લેવા ઈચ્છતા જ્ઞાતિજનોએ તે અંગેના ફોર્મ ભરીને કાર્યાલયમાં પરત આપેલ છે. હવે સાધર્મિક સહાય કમિટિ ટૂંક સમયમાં જ્ઞાતિજનોને સહાય મોકલી આપશે.

દાતાઓ તરફથી અનુમોદના રૂપે આવતી રોકડ રકમ પણ જરૂરિયાતવાળા સાધર્મિક પરિવારોને ખાદ્યસામગ્રી સાથે આપવામાં આવે છે. આ ક્ષેત્રે શ્રી પ્રમોદભાઈ નવનીતલાલ ગાંધી (રણુંજ) અમદાવાદની વર્ષગાંઠ નિમિત્તે તેમના 'નવકાન્ત પરિવાર' તરફથી સાધર્મિક પરિવારોને અપાતી ખાદ્ય સામગ્રી સાથે એક એક શ્રીફળ અને રોકડ રકમ ક્ષેત્રે રૂા.૫૪૦૦/- રોકડા આપેલ છે. જ્ઞાતિમંડળ તેમની લાગણીને અનુમોદના કરી શુભેચ્છાઓ પાઠવે છે.

દર મહિનાના ઓલ્ટરનેટીવ ગુરૂવારે ડૉ.શૈતાબેન આર. શાહ હોમિયોપેથીક દવા-સારવાર નિઃશુલ્ક આપે છે. જ્ઞાતિજનોએ તેનો લાભ લેવા વિનંતી છે.

ભાવેશભાઈ એમ.શાહ-માનદ્મંત્રી ● રમેશભાઈ સી. શાહ-સહમંત્રી

# પરિવાર પત્રિકા

**સૌજન્ય દાતા**

**(જાન્યુઆરી-૨૪ થી ડીસેમ્બર-૨૪)**



**સ્વ. જીગ્નેશભાઈ અરવિંદભાઈ શાહ**

(મોટપ-અમદાવાદ)

જન્મ તા.૦૫-૦૮-૧૯૭૫ - સ્વ.તા.૧૮-૦૩-૨૦૧૪

ની સ્મૃતિમાં

અરૂણાબેન શાહ - રૂપલબેન શાહ

નીશીબેન - દીયાબેન

સંજયકુમાર - મોનાબેન

જૈની - આગમ

**અરવિંદભાઈ પૂનમચંદ શાહ**

(મોટપ-અમદાવાદ)

પરિવાર તરફથી અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને "પરિવાર પત્રિકા" મોકલવામાં આવશે.

## મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

## પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ .....(બોકરવાડા)

શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ ..........(ઊંઝા)

શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ..........(ઊંઝા)

કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)

મધુબેન મહેન્દ્રકુમાર કાંતિલાલ શાહ.....(મગુના)

સ્વ. શ્રી અંબાલાલ દુલાખીદાસ શાહ......(મણુંદ)

સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ..........(મણુંદ)

સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)

સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ..........(ખરોડ)

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશાશ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ


## ટ્રસ્ટી મંડળ, વર્ષ ૨૦૨૪-૨૫, ૨૦૨૫-૨૬, ૨૦૨૬-૨૭



[illegible]
M.: 9824096444



[illegible]
M.: 9898802806



[illegible]
M.: 9925722124



[illegible]
M.: 9427712580



[illegible]
M.: 9426304275



[illegible]
M.: 9352721574



[illegible]
M.: 9408798034



[illegible]
M.: 9428047728



[illegible]
M.: 9898416161



[illegible]
ટ્રસ્ટી
M.: 9974716884



[illegible]
ટ્રસ્ટી
M.: 9429173383



[illegible]
ટ્રસ્ટી
M.: 9426340497



[illegible]
ટ્રસ્ટી
M.: 9327559042



[illegible]
ટ્રસ્ટી
M.: 9825466494



[illegible]
ટ્રસ્ટી
M.: 9825787519



**વિમળાબેન રસિકલાલ શાહ**

(લણવા - પૂના)

જન્મ તા.૧૬-૧૦-૧૯૩૪ ને સ્વ.તા.૦૫-૧૦-૨૦૦૫

જો તમારે કિંમત જોયા વગર
વસ્તુઓ ખરીદવી હોય
તો તમારે ઘડિયાળમાં જોયા વગર
કામ પણ કરવું પડશે સાહેબ !!

**રસિકલાલ ચિમનલાલ શાહ**

સરોજ મુકેશ શાહ • મુકેશ જે. શાહ

જીગર • હિમાંદ્રી • મૌલિક • આનલ

રીયા-કહાન-વિહા

(ભાલક)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશાશ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

### કારોબારી કમિટી, વર્ષ ૨૦૨૪-૨૫, ૨૦૨૫-૨૬, ૨૦૨૬-૨૭




















## અનુમોદના

॥ શ્રી નમિનાથાય નમઃ ॥

॥ શ્રી દાન - પ્રેમ - ભુવનભાનુ ॥

॥ જયઘોષ રાજેન્દ્રસૂરી - ચંદ્રશેખર સદ્‌ગુરુભ્યો નમઃ ॥

શ્રી જયવિમલ નમિનાથ આરાધક

**શ્વે.મૂ.જૈન સંઘ**

**કંચનભુમી સેટેલાઈટના આંગણે.**

**સંયમોપાસકનો સ્પર્શ**

યુગપ્રધાનાચાર્યસમ શાસનપ્રભાવક

**પ.પૂ.પન્યાંસશ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજના**

પટ્ટાલંકાર સુવિશુધ્ધ સંયમોપાસક

**પ.પૂ.આ.શ્રી.વિ મલયકીર્તિ સૂરીશ્વરજી મ. સાહેબ**

ગિરનાર તીર્થો દ્ધારક **આ.નીતિ સુરીશ્વરજી**

**મહારાજ સાહેબના** સમુદાયવર્તી સાધ્વી

**શ્રીભાવિત રત્નાશ્રીજી મહારાજ** સાહેબની પાવન નીશ્રામાં

અમારી સુપૌત્રીઓ

**ચિ. મૈત્રી અને ચિ. દિયાએ અઠ્ઠારીયા તપની**

આરાધના નિર્વિઘ્ને પરીપૂર્ણ કરેલ છે.



ભાઈલાલભાઈ નટવરલાલ ગાંધી
જયાબેન ભાઈલાલભાઈ ગાંધી
સંદિપ ભાઈલાલભાઈ ગાંધી
નિમા સંદિપ ગાંધી
(સમોડા)

અલ્પેશ ભાઈલાલભાઈ ગાંધી
ફાલ્ગુની અલ્પેશ ગાંધી
કુશ અલ્પેશ ગાંધી
કાવ્ય અલ્પેશ ગાંધી
(સમોડા)

હેમાંગી બ્રિજેશકુમાર શાહ
બ્રિજેશકુમાર કિરીટભાઈ શાહ
અનેરી બ્રિજેશકુમાર શાહ
મંત્ર બ્રિજેશકુમાર શાહ

## સંપાદકિય

માં અને પત્ની બંનેમાંથી
કોઈને પણ ઓછું ના આવવા દો.
એક તમને દુનિયામાં લાવી છે
અને
એક પુરી દુનિયા છોડીને
તમારી પાસે આવી છે.

♦♦♦♦♦♦♦♦♦♦♦♦

સંસારમાં દાન જેવી
કોઈ સંપત્તિ નથી.
લાલચ જેવો કોઈ રોગ નથી,
સારા સ્વભાવ જેવું
કોઈ આભૂષણ નથી,
અને
સંતોષ જેવું કોઈ સુખ નથી.

♦♦♦♦♦♦♦♦♦♦♦♦

જીવનમાં આવતી મુશ્કેલીઓ
રૂથી ભરેલા કોથળા જેવી હોય છે..
જો જોયા જ કરો તો
બહુ મોટી દેખાશે પણ
ઉપાડી લેશો તો હળવી જ હોય છે..

♦♦♦♦♦♦♦♦♦♦♦♦

જીવનમાં ધન આવશે તો
સુખ મળશે જ
એની કોઈ ગેરંટી નથી..
પણ ધર્મ આવશે તો
જીવન સુખમય બનશે જ
એમાં કોઈ સંદેહ નથી..

♦♦♦♦♦♦♦♦♦♦♦♦

સારૂ કામ અને
સારી ભાષા...
ફિક્સ ડિપોઝિટ સમાન છે.....
સમય જતાં મૂડી નો સાથે.....
વ્યાજ પણ
આપી જાય છે.!!!

♦♦♦♦♦♦♦♦♦♦♦♦

માનવીનું જીવન એક ટીપા ભાર
અને અહંકાર સાગરથી મોટો

♦♦♦♦♦♦♦♦♦♦♦♦

આધાર અને ઉધાર
આ બંનેને ધાર હોય છે.
ગરજ પૂરી થયા પછી
આપનારને જ કાપે છે.

શક દરેક વ્યક્તિને લાગે છે
કોઈકને જિંદગીથી તો
કોઈકને જવાબદારીઓથી
"સપના" તોડજો
પણ "સંપ" ના તોડતા
જિંદગી "મીઠા" જેવી છે
એકલાં હોવ તો ખારી લાગે
કોઈમાં ભળી જાવ તો પ્યારી લાગે

♦♦♦♦♦♦♦♦♦♦♦♦

મોંઘી ગાડીમાં ફરવાથી
વટ ના પડે
વટ તો ત્યારે પડે
તમને જોઈ
મોંઘી ગાડીઓ ઊભી રહે.

♦♦♦♦♦♦♦♦♦♦♦♦

રાત એટલે સપનાનો ઉજાસ
હારે મારા ગુરુ,
આંખે મારા પ્રભુ

♦♦♦♦♦♦♦♦♦♦♦♦

"આંખો બંધ કરવાથી
મુસીબત જતી નથી અને
મુસીબત આવ્યા વિના
આંખ ઉઘડતી નથી...

♦♦♦♦♦♦♦♦♦♦♦♦

મળીએ ત્યારે નહિ
પણ
જુદા પડીએ ત્યારે
ખબર પડે કે
સબંધ કેટલો સાચો

♦♦♦♦♦♦♦♦♦♦♦♦

કાંઈક કહીએ અને
લાગી આવે તેને
બાળપણ કહેવાય,
અને ઘણું બધું લાગી આવે
છતાં પણ કાંઈ કહી ના શકીએ
તેને ઘડપણ કહેવાય.

♦♦♦♦♦♦♦♦♦♦♦♦

જોખમ અને જખમ
આ બંને નો સરવાળો એટલે
જિંદગી

♦♦♦♦♦♦♦♦♦♦♦♦

કોઈ એક નાની ભૂલ કરે છે
અને
આપણે તે ભૂલ ને યાદ રાખીને
મોટી ભૂલ કરીએ છીએ.

પ્રમોદ એન. ગાંધી-સંપાદક • ભકુભાઈ સી. ગાંધી-સહસંપાદક

## પરિવાર પત્રિકા સંપાદન ક્ષેત્રે દાન-ફંડ-ભેટ

રૂા.૧૧,૦૦૦/-



સ્વ.કંચનબેન જયંતિલાલ શાહ (ઉનાવા)

સ્વ.કંચનબેન જયંતિલાલ શાહ ઉનાવાની પૂણ્યતિથી નિમિત્તે તેઓના પુત્રો, શ્રી સંજયભાઈ, શ્રી વિભાકરભાઈ, ડૉ.વિજયભાઈ તેમજ સમગ્ર કુટુંબીજનોએ ૧૦ વર્ષ સુધી આ પૂણ્યાત્માની સ્મરણાંજલિ સ્વરૂપે દર વર્ષે સ્વજનની પૂણ્યતિથિ નિમિત્તે પરિવાર પત્રિકાના સંપાદન સહાય અર્થે જાહેર કરેલ રૂા. ૧,૧૦,૦૦૦/- ના દાન પૈકી સમાજને સાતમા વર્ષે રૂા.૧૧,૦૦૦/- નું દાન પ્રાપ્ત થયેલ છે. સમાજ પ્રત્યેની ભાવનાને બિરદાવતા જ્ઞાતિ મંડળ આભાર વ્યક્ત કરે છે.

## અનુમોદના ક્ષેત્રે..... દાન-ફંડ-ભેટ

રૂા.૫,૪૦૦/-



શ્રી પ્રમોદચંદ નવનીતલાલ ગાંધી (રણુંજ-અમદાવાદ)

શ્રી પ્રમોદચંદ નવનીતલાલ ગાંધી (રણુંજ-અમદાવાદ)ની વર્ષગાંઠ (જન્મ તા.૨૪-૧૧-૧૯૪૩)ની ઉજવણી પ્રસંગે સાધર્મિક પરિવારોને અપાતી ખાદ્ય સામગ્રી સાથે એક એક શ્રીફળ અને રોકડ રકમ ક્ષેત્રે રૂા.૫૪૦૦/- (રૂપિયા પાંચ હજાર ચારસો પૂરા) તેમના નવકાન્ત પરિવાર તરફથી અનુમોદના રૂપે જ્ઞાતિ મંડળને મળેલ છે. જીવદયા પ્રેમી શ્રી પ્રમોદભાઈ છેલ્લા ઘણા વર્ષોથી જ્ઞાતિમંડળમાં અલગ અલગ હોદ્દાઓ ઉપર સેવાઓ આપી ચૂક્યા છે. મેડિકલ સ્કીમના મુખ્ય સૌજન્ય દાતા છે. છેલ્લા ૨૧-૨૨ વર્ષથી જ્ઞાતિ મંડળના દર મહિને પ્રગટ થતા માસિક 'પરિવાર પત્રિકા'ના સંપાદક તરીકે અવિરતપણે (તેમના ધર્મપત્ની કૈલાસબેનના સહયોગ, માર્ગદર્શન અને સૂચનથી) સેવાઓ આપી રહ્યા છે. સંયુક્ત કૌટુંબિક ભાવના ધરાવતા ધર્મિષ્ઠ-તપસ્વી શ્રી પ્રમોદભાઈ સત્કાર્યોના ક્ષેત્રે પ્રગતિ કરતા રહે તેવી જ્ઞાતિ મંડળ તેમને શુભેચ્છાઓ પાઠવે છે.

## ધાર્મિક સમાચાર

શ્રી મોહનલાલ મુલચંદ ગાંધી (મોટેરા) પરિવારના મુંબઈ, અમદાવાદ, મહેસાણા, બરોડા, પૂના વિગેરે સ્થળોથી આ પરિવારના ૫૩ પ્રવાસીઓ સાથેનો કુટુંબ યાત્રાપ્રવાસ તા.૦૧-૧૧-૨૦૨૪થી તા.૧૧-૧૧-૨૦૨૪ દરમ્યાન દસ દિવસનો યોજાયેલ હતો. આ યાત્રા પ્રવાસમાં શ્રી સમેતશિખરજી-ભાગલપુર-લછવાડ-પાવાપુરી-રાજગૃહી વિગેરે તીર્થો આવરી લીધા હતા. દરેક તીર્થે ખૂબ જ હોંશ અને ભાવપૂર્વક ધર્મ આરાધના કરવાનો અમૂલ્ય લાભ મળ્યો હતો. ઉપરાંત પરિવારના સભ્યોને એક સાથે હરવા-ફરવાનો અને જાત્રા કરવાનો લાભ મળ્યો હતો. આ યાદગાર પ્રસંગે સૌએ આવા આગામી પ્રોગ્રામો કરવાની સામુહિક રીતે તૈયારી દર્શાવી હતી.

**ગેર સમજ અને અહંકાર બન્ને જ્યારે દોસ્તી કરે છે, ત્યારે તે સારા સારા સંબંધો તોડવાનું કામ કરે છે.**

## Seeing Is Believing, Just Visit Us
# VILLA INSPIRED BY MODERN ARCHITECTURE

### SUCCESSFULLY COMPLETED PROJECTS

KINGS VILLA 2014

BALI VILLA 2016

DERASAR VILLA 2019

COURTYARD VILLA 2020

KINGS AURA 2021

### ON-GOING PROJECTS

KINGS MARVELA 2022

KINGS CLUB 2022

KINGS ABODE 2022

KINGS LEGACY 2022

### UPCOMING PROJECTS

KINGS CASTLE

KINGS ARENA

KINGS GLORY

## Guest Of Honors



Scan for Location

Scan for Video

**Address :** Kings Villa, Opp. Bavla Water Tank, Near Adroda Village (7 km from Bavla)

**Website :** www.kingsvilla.in

**Contact :** 76000 71203 / 06 / 07

Kings Villa

# ACHIEVEMENTS OF KINGS VILLA

# A Journey from 2012 to 2024

## Our Pioneer Achievements



EMF ACE GLOBAL GALA AWARDS




EMF ACE GLOBAL GALA AWARDS








ET INDUSTRY LEADERS AWARDS



GLOBAL EXCELLENCE AWARDS



CIMS AWARDS



NOMINATING AS BEST MAINTAINED WEEKEND VILLA



# ACHIEVEMENTS OF KINGS VILLA

## A Journey from 2012 to 2024

## Our Pioneer Achievements











PASSION VISTA GLOBAL ICONS




PUBLISHED IN THE TIMES OF INDIA



A symbol of modern-day luxurious living, perfect weekend getaway, and an ideal wedding destination

ET INDUSTRY LEADERS




BEST DESTINATION FOR WEDDING BY THE TIMES OF INDIA

## OUR JV PARTNER

**AMANSARA @ KINGS VILLA**
(Project by **Anantbaug Group**)

**HAMMOCK BY THE COCONUT @ KINGS VILLA**
(Project by **SANKALP REALTY** under hon)

**KINGS EBONY @ KINGS VILLA**
(Project by **H.R.Group**)

**SENTOSSA GARDENS @ KINGS VILLA**
(Project by **SENTOSSA Group of Companies**)



# ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૪

**અમદાવાદ મંડળ અંતર્ગત યુવા સમિતિ દ્વારા આયોજિત અમદાવાદના SGVP ના ઉત્તમોત્તમ મેદાન ઉપર રમાનાર આગામી ક્રિકેટ ટુર્નામેન્ટની આછેરી વિગત**

**સૌ જ્ઞાતિજનને આ ક્રિકેટ મહોત્સવ માણવાનું ઉત્સાહભેર આમંત્રણ છે.**

તારીખ: ૨૧ અને ૨૨ ડિસેમ્બર, ૨૦૨૪
: ટીમો :
અમદાવાદ મંડળના સભ્ય ખેલાડીઓની કુલ ૮ ટીમ
ક્રિકેટ રસિક મહિલાઓની કુલ ૨ ટીમ
કુલ ૧૧૬ ખેલાડીઓ અને ૧૬ મેચ

તારીખ: ૨૯ ડિસેમ્બર, ૨૦૨૪
સમગ્ર ૪૭ સમાજ માંથી, પૂના, મુંબઈ, વડોદરા અને મહેસાણા
એમ દરેક મંડળની એક ટીમ અને અમદાવાદ મંડળની ૨ ટીમ
આમ કૂલ ૬ ટીમ દ્વારા ૭ મેચ
અંતે ભવ્ય આતશબાજી સાથે વિજેતા ટ્રોફી વિતરણ.

આ તબક્કે, કોઈ પણ સમાજની પ્રગતિ તેના દ્વારા થતાં કાર્યો અને તેની ગુણવત્તા ઉપર આધારિત હોય છે. તેમજ સમાજનાં કાર્યકર્તાઓ સમાજની દરેક વ્યક્તિને એકબીજા સાથે કેવી રીતે સાંકળેલી રાખે છે તેના ઉપર નિર્ભર હોય છે. આપણાં અમદાવાદ મંડળે પણ પોતાના સમાજલક્ષી કાર્યો દ્વારા સમગ્ર ૪૭ સમાજમાં પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરેલ છે. અને આજ આશયની સાથે સમાજનાં યુવા ધનને એક સાંકળે જોડવાના પ્રયત્ન રૂપે સાલ ૨૦૧૮ માં યૂથ ફોરમ ની સ્થાપના કરવામાં આવી. અને યૂથ ફોરમની સ્થાપનાની સાથે જ અમે સૌ કમિટી સભ્યો એક પછી એક નવીન કાર્યક્રમો દ્વારા યુવા પેઢી ને સમાજ સાથે જોડવાના કાર્યમાં અવિરતપણે સક્રિય રહ્યા છીએ અને નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી છે. આજ દિન સુધી આશરે ૪૦૦ થી પણ વધુ યુવાનો આપણાં મંડળના વિવિધ કાર્યક્રમમાં ભાગ લઈ લઈ ચૂક્યા છે.

---

મંડળની આ પ્રગતિનું સર્વ શ્રેય અમારી દ્રષ્ટિએ સમાજનાં એ શ્રેષ્ઠી ને જાય છે કે જેઓ મંડળની દરેક પ્રવૃત્તિ કાજે આર્થિક રીતે સદાય સહાયક રહેલ છે.

---

આજ દિન સુધી અમારા આ સાલ ૨૦૨૪ ના ક્રિકેટ મહોત્સવમાં આર્થિક રીતે સહાયરૂપ થનારા બાજુમાં દર્શાવેલ સૌ દાનવીર જ્ઞાતિજનનાં અમો ખૂબ ખૂબ આભારી છીએ અને અન્ય સૌ જ્ઞાતિજનને પણ અમારાં આ આયોજનમાં સહભાગી બનવા નમ્ર વિનંતી છે.

---

તા.૨૯-૧૨-૨૦૨૪ના એક દિવસીય ભોજન, નાસ્તાના દાતાશ્રી
રૂા. ૫૧,૦૦૦/- શ્રીમતી રિટાબેન રવિભાઈ ગાંધી (સમોડા) હસ્તે: શ્રી જયેશભાઈ, સંદીપભાઈ અને પૂર્વીબેન.

---

તા. ૨૨-૧૨-૨૦૨૪ ના એક દિવસીય ભોજન, નાસ્તાના સહયોગી દાતાશ્રી
રૂા. ૧૧,૦૦૦/- સ્વ. નવીનચંદ્ર પોપટલાલ શાહ અને સ્વ. લીલાબેન નવીનચંદ્ર શાહ (ઉનાવા) હસ્તે: શૈલેષકુમાર નવીનચંદ્ર શાહ.

---

તા. ૨૧-૧૨-૨૦૨૪ અને તા. ૨૨-૧૨-૨૦૨૪ ના 'ટી-શર્ટ' ના દાતાશ્રી રૂા. ૩૧,૦૦૦/- શ્રી કુમારપાળ અંબાલાલ શાહ (મણુંદ), હાલ: મુંબઈ.

---

સમગ્ર ટુર્નામેન્ટના ટ્રોફીના દાતાશ્રી રૂા. ૨૧,૦૦૦/- સ્પ્રિંટ ગ્રૂપ, પુરુષ ટુર્નામેન્ટના ટ્રોફીના દાતા, સમગ્ર ૩૦ ખેલાડીઓ કે જેઓ જ્ઞાતિની પ્રથમ ટુર્નામેન્ટ બાદ એક સાંકળે જોડાયા અને આજ દિન સુધી હળી મળીને એક સાથે ક્રિકેટનો આનંદ માણી રહ્યા છે.

---

રૂા. ૧૧,૦૦૦/- મહિલા ટુર્નામેન્ટનાં ટ્રોફીના દાતાશ્રી ઉર્મિલાબેન હસમુખલાલ શાહ (ઉનાવા) હસ્તે: નયન હસમુખલાલ શાહ

### દરેક પુરુષ તેમજ મહિલા ટીમનાં દાતાશ્રી

રૂા. ૧૮,૦૦૦/- કૃણાલ હસમુખલાલ શાહ (તરભ).
રૂા. ૧૮,૦૦૦/- સ્ટેલિઓન લેબોરેટરીઝ, હસ્તે: મયુર, સંજય અને વિજય શાહ (રણુંજ).
રૂા. ૧૮,૦૦૦/- જયંતિલાલ એમ. શાહ ફેમિલી (લણવા) હસ્તે: સુબોધ જે. શાહ.
રૂા. ૧૮,૦૦૦/- કિંગ્સવિલા હસ્તે: સમીર દિલીપભાઈ શાહ (ભાલક)
રૂા. ૧૮,૦૦૦/- ચીંતન ભરતભાઈ શાહ (બોરીયાવી)
રૂા. ૧૮,૦૦૦/- અમિત અશોકકુમાર શાહ (બોકરવાડા)
રૂા. ૧૮,૦૦૦/- કુનાલ એમ. શાહ (બોકરવાડા)
રૂા. ૧૮,૦૦૦/- સૂરીલી સંગત, જ્ઞાતિસભ્યો દ્વારા સંચાલિત સંગીત કરાઓકે ગ્રૂપ
રૂા. ૯,૦૦૦/- શ્રીમતી મીના વિભાકર શાહ (ઉનાવા)
રૂા. ૯,૦૦૦/- શ્રીમતી ભારતીબેન શશીકાંત શાહ (પીંઢારપુરા) હાલ: લંડન

### સમગ્ર બાઉન્ડ્રી લાઇન ઉપર બેનર ડિસ્પ્લે ના દાતાશ્રી (રૂ. ૬૦૦૦/- બેનર)

- રમેશ નરોત્તમદાસ શાહ
- સંજીવ વિરેન્દ્ર શાહ
- દીલિપ સુરેશભાઈ ગાંધી
- આસ્થા માર્કેટિંગ એન્ડ ઇવેંટ્સ
- એન. સી. શાહ એન્ડ કું.
- રાજ મયુરભાઈ ગાંધી
- ભાવેશ એમ. શાહ(ભાલક)
- હિમાંશુ એચ. શાહ
- એન્ડ્યુરન્સ ફાર્મા (વીપુલભાઈ)
- પ્રણવ કીર્તિકુમાર શાહ
- કુમારપાળ પૂંજાલાલ ગાંધી (મોટેરા)
- દીપક કાંતિલાલ શાહ
- શાહ સિરામિક (શૈલેશભાઈ)
- વિજય માર્કેટિંગ
- અનુકૂલ ફર્નિચર
- સત્યમ ટ્રેડીંગ
- અરિહંત મોબાઈલ
- કિરણ કાંતિલાલ શાહ
- કુમારપાળ અંબાલાલ શાહ
- વિશાખા ગ્રૂપ ઓફ કંપનીઝ
- મારુતિ કોત્સુ સિલિન્ડર લિમિટેડ
- સુમિતરાજ એન્ડ કું. મુંબઈ
- ચિનુભાઈ કાલિદાસ એન્ડ બ્રધર્સ (CKB)
- યુનિપથ સ્પેશિયાલિટી લેબોરેટરી લિમિટેડ
- યશ્વિ પ્રિન્ટપેક (કેરૂલ શાહ)
- સુધીરભાઈ ઈશ્વરભાઈ શાહ (ભાલક)-બેનર પહેલું
- સુધીરભાઈ ઈશ્વરભાઈ શાહ (ભાલક)-બેનર બીજું
- પારસ એન્જીનીયર્સ (બરોડા)
- કૃપા હાઈડ્રોન્યુમેટિક સિસ્ટમ પ્રા. લિ.
- જે. એમ. એન્જિનિયર્સ (મિતેશભાઈ)
- આશય પુષ્પકકુમાર કલ્પેશભાઈ
- મહાવીર પાઇપ્સ (દીપકભાઈ)
- ભાવીક પન્નાલાલ શાહ-બેનર પહેલું
- ભાવીક પન્નાલાલ શાહ - બેનર બીજું






અમદાવાદ મંડળ અંતર્ગત યુવા સમિતિ દ્વારા રમાનાર આગામી ક્રિકેટ ટુર્નામેન્ટ માટે ટૂર્નામેન્ટમાં ભાગ લેનાર સભ્યો દ્વારા ખૂબજ સુંદર અને નિષ્પક્ષ રીતે ૯૬ ખેલાડીની ૮ ટીમની ઓકસન દ્વારા કરેલ રચનાની તસ્વીરની ઝલક

વિભાકર શાહ-કન્વીનર • જગત ગાંધી-સહ-કન્વીનર

## શ્રધ્ધાંજલિ



# રાજેશ શાંતિલાલ શાહ (ઉનાવા)

જન્મ તા.૧૫-૦૫-૧૯૬૫ • સ્વ. તા.૦૫-૧૧-૨૦૨૪

**અશ્રુભીની આંખે.....**

**નિઃશબ્દ શ્રધ્ધાંજલિ**

**પ્રભુ આપના આત્માને ચિરઃશાંતિ આપે તેવી પ્રાર્થના**

લિ.

ગં.સ્વ. કુસુમબેન શાંતિલાલ શાહ
ગં.સ્વ. આરતી રાજેશ શાહ (પત્ની)
ભક્તિ રાજેશ શાહ (પુત્રી)
કિરણ શાંતિલાલ શાહ - છાયા કિરણ શાહ
પ્રતિક - ચિરાગ

ગં.સ્વ. તરૂણાબેન દિલીપભાઈ શાહ
સ્વ. દિલીપભાઈ દલસુખલાલ શાહ
દિક્ષીત-રશ્મી-તેજસ-મેઘા-હેતલ-ભાવેશ
બોકરવાડા

સુરેખાબેન જીતેન્દ્રભાઈ શાહ
જીતેન્દ્રભાઈ જયંતીલાલ શાહ
મિતેશ-પાયલ-શિતલ-કેતન
ભાન્ડુ

ગં.સ્વ. મધુબેન હરેશભાઈ શાહ
સ્વ. હરેશભાઈ ભોગીલાલ શાહ
સાગર-પૂજા-તેજલ-નૈનેશ
મણુંદ

**વઢવાણ નિવાસી**

સ્વ. વસુમતીબેન સૂર્યકાંતભાઈ શાહ (સાસુ)
સ્વ. સૂર્યકાંતભાઈ શામળદાસ શાહ (સસરા)
ભરતભાઈ - મોનાબેન
સ્વ. દર્શના દિનેશભાઈ શાહ

શોભનાબેન હરીશભાઈ દોશી (સાળી)
રક્ષા કમલેશભાઈ વોરા (સાળી)
ભાવના જયેશભાઈ તુરખીયા (સાળી)
પ્રિતી અલ્કેશભાઈ શાહ (સાળી)

રહેઠાણ : ૯, સરોજ એપાર્ટમેન્ટ, દેરાસરની બાજુમાં, ડાયમંડ બેકરી લેન, ફાતિમાનગર, પૂના-૪૧૧૦૧૩.
આરતીબેન: ૯૩૨૫૬૦૪૧૫૫ - કિરણભાઈ: ૯૮૨૦૨૧૨૫૮૪

વિનોદભાઈના મમ્મી આજે છેલ્લો શ્વાસ લઈ રહ્યા હતા, વિનોદભાઈ અને તેમના મમ્મી દવાખાનામાં હતા એમની મમ્મીની ઉંમર પંચોતેર વર્ષની આસપાસ હતી એમને છેલ્લા શ્વાસ લેતા વિનોદભાઈને કહ્યું બેટા મારી ભજનની ચોપડીમાં એક ચિઠ્ઠી મુકેલી છે મારું તેરમું પતી જાય પછી શાંતિથી વાંચી લેજે એક વાત જે તને ક્યારે થઈ નથી એ તેમાં છે બોલતા બોલતા મમ્મી મૃત્યુ પામ્યા. વિનોદભાઈ ખુબ રડવા લાગ્યા એમને એમની મમ્મી જોડે વધારે લગાવ હતો એમને મમ્મીના મૃત્યુનો ખુબ આઘાત લાગે છે. વિનોદભાઈની ઉંમર પિસ્તાલીસ વર્ષ હતી પણ એ એમની મમ્મીને એક નાના છોકરા જેવોજ પ્રેમ કરતા હતા...

બારમું તેરમું પૂરું થઈ ગયું મમ્મીની બધી વિધિ પૂરી થઈ ગઈ,બધા મહેમાનો પણ જતા રહ્યા. વિનોદભાઇ મમ્મી એ કહેલી વાત મગજમાં ફર્યા કરતી હતી એ રાત્રે એમણે મમ્મીની ભજનની ડાયરી લીધી, અને એમાં મૂકેલી ચિઠ્ઠી કાઢી.. એમાં ઉપર લખેલું હતું વિનોદ તારી પત્ની અને સંતાનો સાથે આ પત્ર વાંચજે...

પત્ર દેખીને લાગતું હતું કેટલાય વર્ષો પહેલા આ પત્ર લખાયેલો છે કાગળ એકદમ જૂનો પુરાણો થઈ ગયો હતો.. વિનોદભાઈએ પત્ની અને બાળકોને એક રૂમમાં ભેગા કર્યા, અને મમ્મીની છેલ્લી ઇચ્છા જણાવી.. અને એની પત્નીને કહ્યું તું આ પત્ર વાંચવાની શરૂઆત કર.. પત્ની પત્ર વાંચવાનું ચાલુ કરે છે...

"વિનોદ આ પત્ર એટલા માટે લખું છું કે, તારા પપ્પા એ મને જીવતા જીવ તને કંઈ પણ કહેવાની મનાઈ કરી હતી, એટલે હું જ્યારે પણ મૃત્યુ પામું ત્યારે, હું તને કંઈક જણાવા માંગુ છું, આજે જ્યારે હું આ લખું છું ત્યારે તારા પપ્પાને મૃત્યુ પામે એક મહિનો થઈ ગયો છે તારા અને તારા પપ્પાના સબંધો ... ક્યારે પણ સારા નથી રહ્યા.. નાનપણથી જવાની સુધી તેમની અને તારી વચ્ચે મતભેદ.. અને પછી મનભેદ પણ થઈ ગયો. તને કાયમ એવું લાગતું હતું... કે પપ્પા તને સમજતા નથી અને એમને એવું લાગતું કે... તું એમને સમજતો નથી અને તમારા બંનેની વચ્ચે હું પીસાતી હતી, તારા પપ્પા થોડા ગુસ્સાવાળા તો હતા પણ ખુબ પ્રેમાળ હતા એ એમની લાગણી ક્યારે પણ જાહેર ન કરતા.. પણ તને અને તારી બહેનને ખુબ પ્રેમ કરતા હતા, તને મારી માયા વધારે હતી.. એટલે જ્યારે પણ તને પૈસા કે કોઈ પણ જરૂર હોય તો મારા થકી એ કામ પૂરા કરતા..!

તારી દરેક જરૂરિયાતનો પાયો તારા પપ્પાનો છે.

બેટા આ બધી વાત તો ઠીક છે આ બધું તો દરેક માં બાપ કરતા હોય છે પણ તારી જિંદગીની એક ખુબ મહત્વની વાત જે મારા સિવાય બીજા કોઈને ખબર નથી એ તને આજે જણાવું છું, બેટા તારા મેરેજ થયા ના થોડા સમય પછી,... તેં અને તારા પપ્પા એ સાથે રહેવાનું છોડી દીધું, એમાં તારી પત્ની નો કોઇ વાંક નથી.. પણ તારો અને તારા પપ્પાના મનમાં રહેલો મનભેદ હતો, બેટા તને યાદ હશે આજથી એક વર્ષ પહેલા તારો અને તારી પત્નીનો ખુબ મોટો અકસ્માત થયો હતો અને તું અને તારી પત્ની બંને ICU માં જિંદગી અને મરણ વચ્ચે ઝોલા ખાતા હતા. તારી પત્નીની હાલત વધારે ખરાબ હતી અને એને પેટમાં ખુબ વધારે વાગ્યું હતું અને એની બંને કિડની ડેમેજ થઈ હતી.. એના જીવવાના ચાન્સ ખુબ ઓછા હતા. એને તાત્કાલિક કોઈ કિડની ડોનેટ કરે તેવા વ્યક્તિની જરૂર હતી તું બેભાન હતો તને આ બધી વાતોની કોઈ ખબર ન હતી, ડોક્ટરે બધાના સેમ્પલ લીધા તો તારા પપ્પાની કિડની મેચ થઈ ગઈ...

વિનોદભાઈ ની પત્ની એ.. વાચવા નું બંધ કરી નાખ્યું અને રડતા રડતા બોલી.. હું નથી વાંચવાની... તમે વાંચો....

વિનોદભાઈ કઠણ કાળજે આગળ વાંચવાનું ચાલુ કરે છે. ..તારા પપ્પા ની કિડની મેચ થઈ ગઈ તારા પપ્પા તારી પત્નીને




કિડની આપવા તૈયાર થઈ ગયા પણ, મેં એમને એમ કરવા માટે નાં કહ્યું એમને પહેલેથી એક કિડનીમાં તકલીફ હતી અને જો સારી કિડની ડોનેટ કરશે તો એમની હાલત વધારે બગડશે. પણ એમને મારી વાત ના માની અને મને કહ્યું. તું હમણાં મારી ચિંતા ના કરીશ પણ મારા છોકરાની ચિંતા કર.. એની પત્નીને જો કંઈ થઈ જશે તો એને તો હજુ આખી જિંદગી કાઢવાની છે.. એના બે નાના નાના છોકરા છે મારો વિનોદ બિચારો શું કરશે...!

વિનોદભાઈની આંખોમાં આંસુ સરી પડે છે અને મનમાં ડુમો ભરાય જાય છે.. -એમનો પંદર વર્ષનો દીકરો પત્ર પોતાના હાથમાં લઈને આગળ વાંચવાનું ચાલુ કરે છે....

તને તો ખબર છે, હું મારા વિનોદને કેટલો પ્રેમ કરું છું.. તો પછી, એ પ્રેમ ખાતર પણ મારે એની પત્નીને કોઈપણ ભોગે બચાવવી છે.. મારે અને વિનોદને ક્યારે પણ બનતું નથી પણ એનો મતલબ એ નથી કે... હું પિતા હોવાનું કર્તવ્ય ભૂલી જાઉં અને આ વાત માટે મારા દીકરાની મારે સહાનુભૂતિ નથી જોઈતી, મારો દીકરો ખૂબ મજબૂત છે.. એટલે તું આજે મને એક વચન આપ કે.. મારા કે તારા, મૃત્યુ સુધી વિનોદને આ વાત કોઈ જણાવશે નહિ, મારે મારા દીકરાને મારા અહેસાનનાં ભાર નીચે નથી રાખવો.. અને આપણે તો મા-બાપ છીએ, આપણે તો આપણા સંતાનો માટે અહેસાન બતાવ્યા વગર કંઈક ને કંઈક કરવું જોઈએ.

તારા પપ્પા એ મારી વાત ના માની, અને તારી પત્નીને કિડની આપી આ વાત ડોક્ટર અને મારા સિવાય કોઈને ખબર નથી, તને પણ આ વાતની ક્યારે પણ ખબર ના પાડવા દીધી, કિડની ડોનેટ થયા પછી તારા પપ્પાની તબિયત બગડવા લાગી અને થોડા દિવસમાં એ મૃત્યુ પામ્યા, પણ તું એ સમયે પણ પપ્પા ની ખબર કાઢવા સિવાય.. ક્યારે પણ ઘરે નાં આવ્યો તને તો એ પણ ખબર ન હતી કે તારા પપ્પાનું મૃત્યુ એક કિડની ફેલ થવાથી થયું છે. પણ બેટા મને આ કોઈ વાતનો અફસોસ નથી પણ તું તારા પપ્પાની આખી જિંદગી નિંદા કરે કે એમને પ્રેમ ના કરે એ મારાથી જોવાતું નથી એટલે આજે હું આ લખું છું.. જ્યારે તું આ વાંચીશ ત્યારે હું પણ મૃત્યુ પામી છું તારા પપ્પા તને ખુબ પ્રેમ કરતા હતા, એટલું જ મારે તને કહેવું હતું. અને દરેક મા-બાપ પોતાના સંતાનોને પ્રેમ કરે છે.. ક્યારેક કોઈ વાત નો વિરોધ થાય કે મતભેદ થાય તો પણ પ્રેમ ઓછો થતો નથી.

તારા પપ્પા મને કાયમ કહેતા કે પિતાના પ્રેમને સમજવા પિતા બનવું પડે મારો વિનોદ પિતા બનશે ત્યારે મારા પ્રેમને પણ સમજી જશે...

બેટા, તું અને તારો પરિવાર સુખી રહે એજ મારી અને તારા પપ્પા ની પ્રાર્થના..
-લી... તારી મમ્મી"

વિનોદભાઈ નો દીકરો અને દીકરી ચૂપચાપ પપ્પા ને જોઈ રહ્યા હતા.. એમના મૌનમાં જાણે એક સવાલ હતો આવું કેવું પપ્પા..???

વિનોદભાઈને કાપે તો લોહી ના નીકળે તેવી હાલત હતી, એમની હાલત તો હવે પસ્તાવો પણ કોની જોડે કરે..? માતા કે પિતા કોઈ હાજર ન હતું. ..વિનોદભાઈ ઘર માં મંદિર પાસે જાય છે અને બે હાથ જોડી ને એકદમ રડી પડે છે. એ કંઈ બોલી શકવાની હાલતમાં ન હતા.

વિનોદભાઈનો દીકરો એમની પાસે આવે છે અને કહે છે પપ્પા હું તમારું ધ્યાન આખી જિંદગી રાખીશ તમે મને લડશો કે પછી આપણા બે વચ્ચે કોઈ મતભેદ થશે ત્યારે પણ. હું આજે મારા દાદાની વાત પરથી સમજી ગયો છું કે.. એક પિતા શું કરી શકે છે વિનોદભાઈ પોતાના પુત્રને ગળે લગાવીને મન ભરીને રડ્યા કરે છે.

જો વાંચતાં આંખમા આંસુ આવી જાય તો તમારા પરીચીત તમામ કુટુંબને મોકલો, શાયદ કોઈ પરિવાર તુટતો બચી જાય.

## શ્રધ્ધાંજલિ



# મનોજ મહેન્દ્રકુમાર શાહ

(ગામ: મણુંદ-હાલ:પુણે, બાનેર)

જન્મ ૧૮-૦૧-૧૯૬૮ ● અરિહંત શરણ ૧૬-૧૧-૨૦૨૪

જન્મ એનું મૃત્યુ નિશ્ચિત છે, તમારી યાદો અમારા હૃદયમાં સદાય રહેશે.
પ્રભુ સદ્‌ગતના આત્માને મોક્ષગામી બનાવે એવી અમારા અંતર મનથી પ્રભુને પ્રાર્થના.

સ્વ. મહેન્દ્રકુમાર કે. શાહ (પિતા)
સ્વ.મધુકાંતા મહેન્દ્રકુમાર શાહ (માતા)
સીમા મનોજ શાહ (પત્ની)
મીત મનોજ શાહ (પુત્ર)
પ્રીત મનોજ શાહ (પુત્ર)

સ્વ.વિપુલ મહેન્દ્ર શાહ (ભાઇ)
ઉષા વિપુલ શાહ (ભાભી)
ભાવિક વિપુલ શાહ (ભત્રીજા)
ધ્વનિ વિપુલ શાહ (ભત્રીજી)

મનીષા હેમંતકુમાર શાહ (મગુના) (બેન)
હેમંતકુમાર સી. શાહ (બનેવી)
વિધિ પ્રતિકકુમાર શાહ (ભાણેજ)
દિવ્યા હેમંતકુમાર શાહ (ભાણેજ)

### સાસરા પક્ષ

સ્વ. ચીનુભાઇ મણીલાલ શાહ (ગાંભુ)
પદ્માબેન ચીનુભાઈ શાહ (સાસુ)
પરાગ ચીનુભાઈ શાહ (સાળા)
નિમિશા પરાગ શાહ (સાળા પત્ની)
નિહારિકા પરાગ શાહ
સિદ્ધિ પરાગ શાહ

સીમાબેન: ૯૪૨૧૦૦૬૭૩૦ ❁ ઉષાબેન: ૯૪૨૩૨૧૧૭૨૦

# અવસાન-શ્રધ્ધાંજલિ



ગં.સ્વ. વસુમતીબેન રમણિકલાલ શાહ
ગામ : મોઢેરા
હાલ : વડોદરા
સ્વ. તા.૩૦-૧૦-૨૦૨૪, બુધવાર



દિલીપભાઈ ભોગીલાલ શાહ
ગામ : ડિસોજ
હાલ : મલાડ, મુંબઈ
સ્વ. તા.૩૧-૧૦-૨૦૨૪, ગુરુવાર



રાજેન્દ્રભાઈ શાંતિલાલ શાહ
ગામ : ઉનાવા
હાલ : પૂના
સ્વ. તા.૦૫-૧૧-૨૦૨૪, મંગળવાર



વીપીનચંદ પુનમચંદ શાહ
ગામ : ગાંભુ
હાલ : અમદાવાદ
સ્વ. તા.૦૭-૧૧-૨૦૨૪, ગુરુવાર



મનોજકુમાર મહેન્દ્રકુમાર શાહ
ગામ : મણુંદ
હાલ : પૂના
સ્વ. તા.૧૬-૧૧-૨૦૨૪, શનિવાર



પ્રકાશભાઈ પોપટલાલ શાહ
ગામ : ભાંડુ
હાલ : મીરા રોડ, મુંબઈ
સ્વ. તા.૧૯-૧૧-૨૦૨૪, મંગળવાર



પદ્માબેન ચીનુભાઈ શાહ
ગામ : વડાવલી
હાલ : અમદાવાદ
સ્વ. તા.૨૦-૧૧-૨૦૨૪, બુધવાર



શર્મિષ્ઠાબેન રમણીકભાઈ શાહ
ગામ : ભાલક
હાલ : સિકંદ્રાબાદ
સ્વ. તા.૨૧-૧૧-૨૦૨૪, ગુરુવાર



મુકેશભાઈ રસિકલાલ શાહ
ગામ : પિંઢારપુરા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૨૬-૧૧-૨૦૨૪, મંગળવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**

# સાધુ ભગવંતે શ્રાવકના ઘેર ગોચરી જવાની કેમ ના પાડી? આ ઘટના વાંચીને દરેક જૈનનું હૈયું હચમચી ઉઠશે!

ગુરુ ભગવંતે યુવાન સાધુ ભગવંતને આદેશ કર્યો કે, ગોચરીનો સમય થયો છે, આપ ગોચરી ચર્યા માટે જઇ આવો! ગુરુની આજ્ઞાને તહત્તી કરનારા શિષ્યે નિવેદન કર્યું કે, હું આજથી ગોચરી નહીં જઉં! ગુરુદેવને આઘાત લાગ્યો કે, ગુરુની આજ્ઞા શિષ્ય ન માને? છતાં પણ ખુબ જ ધીર, ગંભીર અને ગીતાર્થ ગુરુ હતા! તેમણે વાત્સલ્યથી પુછ્યું કે, શા કારણે તમે ના પાડો છો?

શિષ્યે જવાબ આપ્યો તે સાંભળીને ગુરુ ભગવંત પણ ઊંડી ચિંતામાં ડૂબી ગયા! યુવાન સાધુ ભગવંતે પોતાના ગુરુને વિનમ્ર રજૂઆત કરી કે, ભગવંત! ગઇકાલે હું અને મારા ગુરુભાઇ બંને ગોચરી ગયા હતા! એક જૈન શ્રાવકના ઘરમાં ધર્મલાભ બોલીને પ્રવેશ કર્યો! શ્રાવકે અમને ભાવ પુર્વક ગોચરી પણ વહોરાવી પણ... પણ.. શિષ્ય આગળ ન બોલી શક્યા! ગુરુએ કહ્યું, જે હોય તે નિઃસંકોચ કહો ! શિષ્યે કહ્યું કે, બોલતા મારી જીભ નથી ઉપડતી! ગુરુએ કહ્યું કે, દર્દ જાણ્યા વિના દવા ન થાય! જે હોય તે નિઃસંકોચ કહો! શિષ્યે કહ્યું કે, એ શ્રાવકના દીકરી હતા ! તેમણે તેમની સાથળ દેખાય તે રીતના વસ્ત્રો પહેરેલ હતા! તે સાથળ પર મારી નજર ગઇ અને મેં હટાવી લીધી, પણ ગઇરાત્રે સંથારો કર્યો, તો સ્વપ્નમાં એ દ્રશ્ય દેખાયું! મનને માંડમાંડ સ્વસ્થ કર્યું! નેત્ર સંયમ ગુમાવવા બદલ આપ મને પ્રાયશ્ચિત આપો ! ને હા ગુરુ ભગવંત, આપની આજ્ઞા મળશે તો અનશન લઇ જીવન હોમી દઇશ પણ હવેથી ગૃહસ્થના ઘેર ગોચરી જઇને વિષયરૂપી ઝેર પીને સંયમજીવન હોમીશ નહી! મારા ભવોભવના પરિભ્રમણ વધી જાય તે હરગીઝ મંજૂર નથી! આ વખતે ગુરુ અને શિષ્ય બંનેની આંખમાંથી આંસુની ધાર વહેતી હતી.

વંદનીય શ્રાવક! શ્રાવિકા! આપણે ભોગી છીએ એટલે આપણને આ બધું નોર્મલ લાગે છે! પણ જે ત્યાગી છે, તેમના માટે આપણી અંગ પ્રદર્શનવાળી વેશભૂષા પતનનું કારણ બની શકે છે! પાંચ વર્ષથી પંચાવન સુધીના ભાઇઓ અને બહેનો બિંદાસ એકલી ચડી પહેરતા હોય છે! ભાઇઓ તમારી ખુલ્લી સાથળ કદાચ કોઇ સાધ્વીજી ભગવંતનું પતન કરાવી દેશે! કારણ કે અનંતકાયના કુસંસ્કાર આત્મા ઉપર પડેલા છે, તેને જીતવા નીકળેલા પુજ્ય સાધુ – સાધ્વીજી આપણા નિમિત્તે ક્યાંય હારી ન જાય! નહીતર આ મહાપાપના દોષી બનવામાં આપણો અનંત સંસાર વધી જશે તે નક્કી જ છે!

શ્રાવિકાઓ! માથું અને અન્ય અંગ ઢાંકવા દુપટ્ટાનો ઉપયોગ કરો! શ્રાવકો! આપના બાવડા, છાતી, પીઠ, પગ વિગેરે શરીરના ભાગ ખુલ્લા ન રાખો!

નહીંતર, એવું પણ બની શકે છે કે,સમગ્ર શ્રમણ – શ્રમણી ભગવંતોને, ચોથા વ્રતનું પાલન કરવા શ્રાવકના ઘેર ગોચરી વહોરવા જવું નહીં! એવો ઠરાવ કરવાના દિવસો આવે! ધર્મલાભનો જયઘોષ ઘરમાં ગુંજતો બંધ થઇ જાય! એમાં નિમિત્ત ના બનશો પ્લીઝ!

સૌજન્ય : પ્રગતિ મિત્ર મંડળ

# દાસજ ગામનું ગૌરવ
## અભિનંદન સહ શુભેચ્છાઓ



ચિ. કેવિન

અરવિંદભાઈ મફતલાલ શાહ તથા
સુમિત્રાબેન અરવિંદભાઈ શાહ ના પૌત્ર
(દાસજ-હાલ:અમદાવાદ)
અને
કલ્પનાબેન નિલેશભાઈ શાહ તથા
નિલેશભાઈ અરવિંદભાઈ શાહ ના સુપુત્ર
ચિ. કેવિન એ
Fanshawe Colleage માંથી
Practical Elements of
Mechanical Engineering
તથા
Conestoga Colleage માંથી
Project Management Course
પૂર્ણ થવા બદલ
પદવી એનાયત થયેલ છે.
તેની સફળતા બદલ
અમારા સૌ તરફથી
ખૂબ ખૂબ અભિનંદન
દિન પ્રતિદિન પ્રગતિ કરો અને
પરિવાર તથા સમાજના
ઉતકૃષ્ટ કાર્યો કરો તેવી શુભેચ્છા.

**શુભેચ્છક**

બબુબેન મફતલાલ શાહ
અરવિંદભાઈ મફતલાલ શાહ
સુમિત્રાબેન અરવિંદભાઈ શાહ
નિકેતાબેન અરુણકુમાર શાહ
નિલેશભાઈ અરવિંદભાઈ શાહ
કલ્પનાબેન નિલેશભાઈ શાહ
જયણા કેવિન શાહ



**MANIBHADRA TRANSPORT SERVICE • KEVIN TRANSPORT SERVICE**
H. O.: C/713/A, HUB Town, Bus Terminal, Gita Mandir Char Rasta, Gitamandir, Ahmedabad-380 001.
M.: 8734099660, 9427803111

RNI No. GUJGUJ/2003/11307. • Published on 1st date of Every Month. Registered under Postal Registration No. GAMC-1401/2024-2026 valid up to 31st December 2026. Issued by SSPO's Ahmedabad City Fivision, permitted to post at Ahmedabad PSO on 1st date of Every Month. License to post without prepayment No. PMG/NG/102/2024-2026 valid up to 31/12/2026.



## ત્રીજી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



## રમણલાલ વાડીલાલ શાહ (બોરીયાવી) U.S.A.

જન્મ તા.૨૩-૦૨-૧૯૩૭ • સ્વર્ગવાસ (અમદાવાદ) તા.૦૯-૧૨-૨૦૨૧

આપના સ્નેહભર્યા સ્વભાવની મીઠી સુવાસ
સદાય અમારા હૈયે રહેશે.
આપના દિવ્ય આત્મને પ્રભુ શાંતિ અર્પે એ જ પ્રાર્થના

લિ.

**ભાનુમતીબેન રમણલાલ શાહ (પત્ની)**
મીનાબેન શાહ-કમલેશ શાહ અને પરિવાર (દિકરી-જમાઈ)
ગીતાબેન-જયકુમાર શાહ અને પરિવાર (દિકરી-જમાઈ)
રાજેશ અને ઉષાબેન શાહ અને પરિવાર (પુત્ર-પુત્રવધુ)
હિમાંશુ અને રૂપાબેન શાહ અને પરિવાર (પુત્ર-પુત્રવધુ)

**Ruhee Gems Jewelry LLC., U.S.A.**
( Diamond & Gold jewelry imports and wholsale - Himanshu Shah)

પરિવાર પત્રિકા
PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Printed and Published by PRAMODBHAI NAVNITLAL GANDHI on behalf of
SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
Office Time : 10-30 to 6-30 (Monday Close) • Phone : 26602375 • Email : mahesana_jainprant@yahoo.com • www.47dashashreemali.in
Printed at Jagadish Offset, Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL,
P. Gautam & Co., Nandanvan, Ground Floor, Town Hall, Ellisbridge, Ahmedabad - 380 006. Editor - PRAMODBHAI NAVNITLAL GANDHI